અપીલ અરજી નં.૧૦૪ તા.૧૬–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકી

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકીની તા.૬–૪–૧૦ ની અરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા તા.૧૯–૩–૦૭ ની જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ ની ૯૩ ડ્રાઈવરોનાં ખાલી જગ્યાના ઈન્ટરવ્યુનાં સંદર્ભમાં મુદ્દા નં.૧ ફીઝીકલ વિઝન ટેસ્ટમાંથી ૯૨૨ ડ્રાઈવર કર્મચારીઓએ ડ્રાઈવિંગ લાઈસન્સનાં ૧૦ ગુણમાંથી મેળવેલ ગુણ, ઉંમરના ૫ ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણની માહિતી અને પ્રેકટીકલનાં ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ ની માહિતી ૯૨૨ ડ્રાઈવરોની કુલ પ્રાપ્ત કરેલ ગુણની ડ્રાઈવિંગ લાઈસન્સના ગુણની ઉંમરના ગુણની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૪/૨૦૧૦–૧૧

શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકીની તા.૬–૪–૧૦ નીઅરજીથી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા તા.૧૯–૩–૦૭ ની જાહેરાત નં.પી.આર.ઓ ૫૯૭ ની ૯૩ ડ્રાઈવરોનાં ખાલી જગ્યાના ઈન્ટરવ્યુનાં સંદર્ભમાં મુદ્દા નં.૧ ફીઝીકલ વિઝન ટેસ્ટમાંથી ૯૨૨ ડ્રાઈવર કર્મચારીઓએ ડ્રાઈવિંગ લાઈસન્સનાં ૧૦ ગુણમાંથી મેળવેલ ગુણ, ઉંમરના ૫ ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણની માહિતી અને પ્રેકટીકલનાં ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ ની માહિતી ૯૨૨ ડ્રાઈવરોની કુલ પ્રાપ્ત કરેલ ગુણની ડ્રાઈવિંગ લાઈસન્સના ગુણની ઉંમરના ગુણની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે ઈ.ચા.પર્સોનલ ઓફિસર (આર) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૪૧૬ તા.૨૯–૫–૧૦ થી આપેલ માહિતીનાં મુદ્દા નં.૨,૪ અને ૫ અંગેની અધુરી અને અપુરતી માહિતી મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૩૯૧ તા.૨૩–૬–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને અપીલ અરજીમાં માહિતી નહીં મળ્યાની રજૂઆત છે. કે થયેલી કાર્યવાહી અંગે શંકા આધારીત તકરાર નિવારણની? તે અંગે સ્પષ્ટતા કરવા તથા તકરાર નિવારણની બાબત માહિતી ન મળવાની અપીલમાં સાંકળી શકાય નહીં તેમ છતાં તે માટે કરેલ આક્ષેપો અંગે આધાર હોય તો રજૂ કરવા પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૪૭ તા.૨૮–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૩ તા.૯–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ તરફથી મુદ્દા નં.૪ અંગે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૮ તા.૧૨–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારને ઈન્સ્પેકશન અંગે પાઠવેલપત્ર નં.જીએડી/ઈએસ ટી/આર/૩૩૬ તા.૪–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૧૬ તા.૨૯–૫–૧૦ ના પત્રની નકલ,ડ્રાઈવરની જગ્યા માટે પ્રેકટીકલ ટેસ્ટમાં હાજર રહેલ ઉમેદવારોએ મેળવેલ માર્કસની યાદીની નકલ, ડ્રાઈવરની જગ્યા માટે પર્સનલ ઈન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારોએ મેળવેલ માર્કસની યાદી કેટેગરીવાઈઝની નકલ, પ્રતિક્ષાયાદીની નકલ, સ્પષ્ટતા અંગેનું પત્રક, કિશોરભાઈ વાઘેલાનું ડ્રાઈવીંગ લાયસન્સની નકલ , કુમકર દત્તાત્રય કાશીનાથનું લાયસન્સની નકલ, પટેલ અજયકુમાર શાંતિલાલનું લાયસન્સની નકલ , ખૈરનાથ વિલાસનું લાયસન્સની નકલ, મલબારી ગુલામ મુસ્તુફાની નકલ, રાઠોડ કીરીટસિંગનું લાયસન્સની નકલ વાલા ક્રિપાલસીંગના લાયસન્સની નકલ,શેખ મો. જાફરના લાયસન્સની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્ર અન્વયે કોઈ આધાર રજૂ કરેલ નથી કે પત્રમાં જણાવેલી વિગત સ્પષ્ટતા કરેલી નથી. ફકત બાકી રહેલી માહિતી આપવાની રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૬–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ અને મહેકમને જણાવી સેન્ટ્રલઝોન ખાતે અરજી કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૪૩ તા.૯–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કરવામાં આવેલ પર્સોનલ ઓફિસર આર તરફથી મુદ્દા નં.૪ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૮ તા.૧૨–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મધ્યસ્થ મહેકમ તરફથી મુદ્દા નં.૪ અંગે તેઓના પત્ર નં.૩૩૯ તા.૨૩–૪–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. જયારે અન્ય મુદ્દાઓ માટે જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૩૬ તા.૪–૫–૧૦ થી અરજદારને માંગવામાં આવેલી માહિતી વિપુલ પ્રમાણમાં હોય સુરત મહાનગરપાલિકાના આર્થિક દ્રષ્ટિએ જોતાં દફતરી ઈન્સ્પેકશન અંગે તા.૧૩–૫–૧૦ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ આવી ઈન્સ્પેકશન કરાવવા જણાવવામાં આવેલ. તેમજ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૪૧૬ તા.૨૯–૫–૧૦ થી મુદ્દા નં.૧ થી ૩ અને ૫ થી ૭ ની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારને મુદ્દા નં.ર ૪ અને ૫ અંગે અધૂરી અને અપૂરી માહિતી આપેલ હોવાનું જણાવી તા.૧૬–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ ફીઝીકલ વિઝન ટેસ્ટમાંથી ૯૨૨ ડ્રાઈવર કર્મચારીઓએ ડ્રાઈવિંગ લાઈસન્સનાં ૧૦ ગુણમાંથી મેળવેલ ગુણ, ઉંમરના ૫ ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણની માહિતી અને પ્રેકટીકલનાં ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ ની માહિતી ૯૨૨ ડ્રાઈવરોની કુલ પ્રાપ્ત કરેલ ગુણની ડ્રાઈવિંગ લાઈસન્સના

ગુણની ઉંમરના ગુણની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રાઈવરની જગ્યા માટે પ્રેકટીકલ ટેસ્ટમાં હાજર રહેલા ઉમેદવારોની માર્કસની યાદીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર. ફીઝીકલ વીઝન ટેસ્ટમાંથી ૯રર ડ્રાઈવરો ડ્રાઈવીંગ હેવી વ્હીકલ લાયસન્સની નકલો શાળા છોડયાના પ્રમાણપત્રની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ કલમ–૭(૯) મુજબ માહિતી પૂરી પાડવામાં સત્તા મંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્સ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને પણ હાનિ થાય તેમ હોય જેથી તે સદર બાબત ચોકકસ વિગતે માહિત માંગવામાં આવ્યેથી તેની નકલ પૂરી પાડવામાં આવશે. વધુમાં ફરીથી તમો રૂબરૂ આવી સારી હાલતમાં રહેલ ફાઈલનો તમોને પણ સાચવીને ઈન્સ્પેકશન કરવા જણાવીએ છીએ. સદર રેકર્ડ કાયમી રેકર્ડના પુરાવા હોઈ તેની જાળવણી કરવી પણ અતિ આવશ્યક છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં અધૂરી અને અપૂરતી માહિતીની રજૂઆત કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ જવાબમાં અરજદારને તે બાબતે ઈન્સ્પેકશન કરવા પણ જણાવેલ છે તેમજ પ્રત્યુત્તર પાઠવતી વખતે પણ ઈન્સ્પેકશન કરવા જણાવેલ છે તથા પાઠવેલ પ્રત્યુત્તર આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) સાથે સુસંગત છે. મુદ્દા નં.૩ પ્રેકટીકલ ટેસ્ટમાંથી ૨૭૬ ડ્રાઈવરોના ડ્રાઈવીંગ હેવી વ્હીકલ લાયસન્સના ગુણની માહિતી. પ્રકેટીકલ ટેસ્ટમાં ગુણની માહિતીની નકલો અને પર્સનલ ઈન્ટરવ્યુના ગુણની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪. પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર સ્ટાફ સીલેકશન સમિતિના અધિકારીઓની શૈક્ષણિક લાયકાત અને ઓટોમોબાઈલ મીકેનીક તરીકે ડીગ્રી ઈજનેરની માહિતીન નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૯ તા.ર૩–૪–૧૦ થી સ્ટાફ સીલેકશન સમિતિના અધિકારીઓની લાયકાત અને તેની નકલ પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે અપીલમાં પ્રમાણપત્રકે માર્કશીટની નકલો ન હોવાની રજૂઆત કરેલ છે. જે મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે કરેલ જણાય છે. મુદ્દા નં.પ આરટીઆઈની તા.૩–૯–૧૧ ની આઈ ડી નં.૮૬૯ અરજીના સંદર્ભમાં તા.૧૬–૧૧–૦૯ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ આર /૭૩૧૦ ની માહિતી જણાવેલ છે કે ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયદીના ઉમેદવારોના અનુભવના પ્રમાણપત્ર ડ્રાઈવરની ખાલી જગ્યાની જાહેરાતમાં માંગ્યો નથી તો પછી પ્રેકટીકલ ટેસ્ટમાં ૯રર ડ્રાઈવરોમાંથી ર૭૬ ઉમેદવારોને કઈ રીતે ઉત્તીર્ણ કર્યા જેની માહિતીન નકલ તથા પર્સનલ ઈન્ટરવ્યુમાં ર૭પ ડ્રાઈવર માંથી ૧૦ર ડ્રાઈવર ઉમેદવારોને સ્ટાફ સીલેકશન સમિતીએ કઈ રીતે પસંદ કર્યા જે અંગેની માહિતીન નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થબ્લોક નવી દીલ્લી તા.૧–૬–૦૯ ક્રમાંક ૧/૭/ર૦૦૯ આઈ આર ભારત સરકારને વાંચનમાં લેતાં જાહેર સત્તા મંડળના જાહેર માહિતી અધિકારી પાસે તમો તમામ નિર્ણયોની નકલ માંગી શકો છે પરંતુ થયેલ નિર્ણય અંગેની સ્પષ્ટતા કે ઉચિતપણું જણાવવાની ઉપેક્ષા રાખી શકો નહીં તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ કુલ ૧૦ર ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના શીડયુલ ટ્રાયબ , સા.શૈ.સ.પ.વ., અને જનરલ વર્ગની ૧૦ર ડ્રાઈવરોની અલગ અલગ જગ્યાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સદર ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની કેટેગરી વાઈઝ નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૭ પ્રકેટીકલ ટેસ્ટ લેનાર ડે.ઈજનેર વર્કશોપ અને સુરત મહાનગર સેવાસદનના કમિશ્નરે સ્ટાફ સીલેકશન સમિતિએ નીચે જણાવેલ ડ્રાઈવરોને કઈ લાયકાતના આધારે ૧૦ર ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીમાં પસંદ કર્યો જેની માહિતી સ્પષ્ટ કરતી માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ માં સદર માહિતીનો સમાવેશ થઈ જાય છે તેવું જણાવેલ છે. નીચે જણાવેલ ડ્રાઈવરો શંકાસ્પદ ધરાવતા હોય તેની સ્પષ્ટતા અને પારદર્શી સહિતની નકલ.

| ક્રમ | ઉમેદવાર ડ્રાઈવરનું નામ | ઉમર | હેવી લા. નંબર | ગુણ |
|---|---|---|---|---|
| ૩ | ખૈર દયારામભાઈ કલ્પેશભાઈ | ૩૬ | – | – |
| ૬ | અટોદરીયા હમીરસિંહ મહીપાલસિંહ | – | ટીવીએ–પ–૧–૭ | – |
| ર૪ | પઠાણ ફિરોખાં ચાંદખાં | – | ટીવીએ–૮–૧–૭ | – |
| ૩૪ | વાઘેલા કિશોરભાઈ આલજીભાઈ | – | ટીવીએ–પ–૪–૭ | – |
| ૪૦ | કુમકર દતાત્રેય કાશીનાથ | – | ટીવીએ–૪–પ–૭ | – |
| ૪ર | પટેલ અજયકુમાર શાંતિલાલ | – | – | ૦૯ |
| પ૯ | ખૈરનાર વિલાસ એકનાથ | – | ટીવીએ–ર–પ–૭ | – |
| ૭૪ | મલબારી ગુલામ મુસ્તુફા મો. હનીફ | – | ટીવીએ–ર૭–૧૧–૩ | ૦૬ |
| ૭૮ | રાઠોડ કિરીટસિંહ રામસીંગભાઈ | – | ટીવીએ–ર–૩–૭ | – |
| ૮૪ | વાળા કીરપાલસિંહ રણજીતસિંહ | – | ટીવીએ–૮–૭–૭ | – |
| ૧૦૧ | શેખ મો. જાફર અબ્દુલ કાદર | – | ટીવીએ–૩૦–૩–૭ | – |

અન નં.૩ ખૈર દયારામભાઈ કલ્પેશભાઈ જનરલ કેટેગરીના હોવાથી તેમની ઉંમર ૩પ વર્ષ સુધી જ માંગેલ છે
અન નં.૩૪ વાઘેલા કિશોરભાઈ આલજીભાઈનું લાયસન્સ જાહેરાતના સમયનું છે.
અન નં.૪૦ કુમકર દતાત્રેયકાશીનાથનું લાયસન્સ જાહેરાતની તારીખ પૂરી થઈ ગયા પછીનું છે.
અન.નં.૪ર પટેલ અજયકુમાર શાંતિલાલના પ્રેકટીકલ માર્કસ ફકત ૦૯ આવેલ છે.
અન નં.પ૯ ખૈરનાથ વિલાસભાઈ એકનાથનું પણ જાહેરાતની તારીખની મુદત બાદનું છે.
અન નં.૭૪ મલબારી ગુલામ મુસ્તુફા પ્રેકટીલ માર્કસ ફકત પ આવેલ છે.
અન નં.૭૮ રાઠોડ કીરીટભાઈ રામસીંગનું લાયસન્સ જાહેરાતના ૧૭ દિવસ પહેલાનું છે.
અન નં.૮૪ વાળા કીરપાલસિંહ રણજીતસિંહનું લાયસન્સ જાહેરાતની મુદત બાદનું છે.
અન નં.૧૦૧ શેખ મો. જાફર અબ્દુલ કાદરનું લાયસન્સ જાહેરાતના સમય દરમ્યાનનું છે.

ઉકત પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નીચે જણાવેલા ડ્રાઈવર શંકાસ્પદ જણાવતા હોય જેની સ્પષ્ટ અને પારદર્શી સહિતની માહિતની નકલ બાબતે અ.ન.૩ ઉપરોકત જણાવેલ ઉમેદવાર સુરત મહાનગરપાલિકાના કર્મચારી હોવાથી તેઓને ઉમરનો બાધ નડતો નથી. (જાહેરાત મુજબ)અ.ન.૩૪,૪૦,૫૯, ૭૮,૮૪,૧૦૧ લાયસન્સ બાબતે લાયસન્સની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.અ.નં.૪૨ અને ૭૪ ગુણ બાબતે અન્ય ટેસ્ટના માકર્સ જોતાં ઉત્તીર્ણ થાય છે તથા મુદ્દા નં.૨ અને ૫ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે. જયારે મુદ્દા નં.૪ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ જણાય છે. પરંતુ અરજદારે માર્કશીટ કે પ્ર માણપત્રની નકલો બિડાણ કરેલ નહીં હોવાનું જણાવેલ છે. તેમાં પુરાવા તરીકે રૂા.૫/– નું કવર રજૂ કરેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીથી તેની નકલો માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. તેથી અપીલ તબકકે તેવો આગ્રહ યોગ્ય નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૪–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૫ બાબતે જાહેર માહિતી અધિકારીએ કાયદાની કલમ–૭(૯) મુજબ આપેલ ઈન્સ્પેકશન અરજદાર ઈચ્છુક હોય તો હુકમ મળ્યાથી દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૪ અંગે અરજદાર ઈચ્છુક હોય તો અલાયદી અરજી કરી તેવી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની અરજીના મુદ્દા નં.૭ અંગે અપીલ તબકકે કોઈ તકરાર કરેલ ન હોય તે તથા અન્ય મુદ્દાઓ અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) ડે.કમિશ્નર(૫ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ......જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેશભાઈ હાદાભાઈ સોલંકી,